### દંપતી વચ્ચે વિશ્વાસઘાત અને આડા સબંધોની શંકાને લઈ ખટરાગનો કરુણ અંજામ

## ડભોઈના ગોજાલી ગામે પત્નીને પતિએ બેરહેમીથી માર મારી ચાર દિવસ તડપાવીને પતાવી દીધી

**પોલીસે** લાશનો કબજો લઇ પીએમ માટે મોકલી આપી



(પ્રતિનિધિ) ડભોઇ, તા.5
ડભોઈના ગોજાલી ગામે નદીવાળા ફળિયામાં રહેતા પ્રકાશભાઈ ઉર્ફે ઝીણાભાઈ રેવલભાઈ વસાવા ઉ.વ.43 મહેનત મજૂરી કરી જીવન ગુજારે છે.જેને પરીવારમાં પત્ની રાધાબેન પ્રકાશભાઈ ઉર્ફે ઝીણાભાઈ વસાવા અને સંતાનમાં એક પુત્ર છે.દંપતી વચ્ચે અવારનવાર શંકાસ્પદ બાબતોને લઈ ઝઘડા થતા હતા. તેવામાં પતિએ માનસિક પિત્તો ગુમાવ્યો હતો.અને એ સાથે જ વિશ્વાસના સબંધો નો પણ અંત આવી ગયો હતો. અમાનુષી મારથી ઉભીના થઈ શકતા ચાર દિવસ સુધી દર્દ થી કણસતી પત્નિનું સારવારના અભાવે મોત નીપજ્યું હતું. બનાવની જાણ ગામ લોકોને થયા બાદ પોલીસ સુધી પહોંચી હતી. જેથી ગોજાલી ગામે જઈ dysp આકાશ પટેલ,પી.આઈ.ઝાલા સહિત પોલીસ સ્ટાફ ગોજાલી દોડી ગયા હતા.

અને લાશનો કબજો મેળવી પી.એમ.અર્થે ડભોઈ રેફરલ હોસ્પિટલમાં મોકલી આપી ફરીયાદ આધારે પતિ સામે હત્યાનો ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### સસ્તા અનાજ સંચાલક ગરીબોનું અનાજ કાળાબજાર કરે છે : ગામલોકો

## છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના બાંગાપુરા ગામના 3 લોકોને માર મારનાર 18 સામે ફરિયાદ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.5
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના બાંગાપુરા ગામે ભાજપના નેતા હસમુખભાઈ છોટાભાઈ બારીયા સસ્તા અનાજ ની દુકાન ચલાવે છે ગરીબ રેશનકાર્ડ ગ્રાહકોનું અનાજ કાળાબજાર માં વેચવા માટે ટ્રેક્ટર ભરતો હતો તે વખતે ગ્રામજનો એ જનતા રેડ કરી હતી અને જથ્થો બચાવ્યો હતો જેની રીસ રાખી ને બીજા દિવસે વિરોધ કરનાર લોકોને ડંડાઓ વડે 18 જેટલા લોકો ઘેરો



ઘાલીને ત્રણ લોકોને ઈજા પહોંચાડી હતી જેમાં એક યુવાન નો પગ ફેક્ચર થઈ ગયો હતો હાલ તે ખાનગી દવાખાનામાં સારવાર હેઠળ છે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના બાંગાપુરા ગામના સસ્તા અનાજ સંચાલક ગરીબોનું અનાજ કાળાબજાર કરે છે તેને અટકાવવા માટે ગ્રામજનો મેદાને પડતા ગ્રામજનો ઉપર લાઠીઓ વરસાવતા લોકો માં રોષ ભભૂકી ઉઠ્યો હતો અને જેને લઈને બોડેલી પોલીસ સ્ટેશન માં ભોગ બનનાર અમિતભાઇ બારીયા ની પત્ની હર્શિતાબેન અમિતભાઈ બારીયા એ બોડેલી પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવી છે જેમાં આક્ષેપ કર્યો છે કે તેના પતિ અને ગામના બીજા માણસોને સસ્તા અનાજ સંચાલક ના મળતીયાઓ ઘેરી લીધેલ છે અને અમારી વિરુદ્ધ કેમ રજુઆત કરી તેવી રીતના ગાળો બોલી અને અમને જાનથી મારવાની ધમકી આપી હતી.

## જેતપુર પાવીના વસાવા કોતર પાસે નાળું ક્ષતિગ્રસ્ત થતા ભારે વાહનો માટે પ્રતિબંધ

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.5
છોટાઉદેપુર જિલ્લામાં હાલ રસ્તાઓને લઇ ભારે મુશ્કેલીઓ જનતા વેઠી રહી છે. તેવામાં જેતપુર પાવી પાસે ભારજ નદી માં રૂ. ચાર કરોડ થી વધારે ખર્ચો કરી બનાવવામાં આવેલું ડાઈવર્ઝન ધોવાઈ ગયું છે અને છેલ્લા દસ દિવસ થી જેતપુર પાવીથી છોટાઉદેપુર રોડ પર વસવા કોતર પાસે નાળું ક્ષતિગ્રસ્ત થતા ભારદારી વાહનો બંધ કરી દેવામાં આવતા ગ્રામજનો જાણે સંપર્ક વિહોણા થઇ ગયા હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ભારે વાહનો ન આવતા વેપાર ધંધા પડી ભાગવાને આરે આવી ગયા હોય તેમ લાગી રહ્યું છે ગામમાં થી બોડેલી, છોટાઉદેપુર



અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વેપાર, ધંધા નોકરિયાતો માટે ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. પરંતુ તંત્રની ઊંઘ ક્યારે ઉડશે તે સમજાતું નથી.

નેશનલ હાઈવે નંબર 56 ઉપરનું નાળુ ક્ષતિગ્રસ્ત થતા ભારે વાહન વહેવાર બંધ કરવામાં આવ્યો છે. જેને લીધે વાહન માલિકોને ભારે આર્થિક નુકશાન અને સમય નો વ્યય થઇ રહ્યો છે અધિકારીઓ કોઈ સંતોષ કારક જવાબ આપતાં નથી. જ્યારે આ નેશનલ હાઈવે નંબર 56 મધ્યપ્રદેશ અને ગુજરાતને જોડતો મુખ્ય માર્ગ હોવા છત્તા તંત્ર ને જાણે કઈ પડેલીજ નથી એમ લાગી રહ્યું છે. ભારદારી વાહનો માં વાત કરીયે તો એમાં કોઈ સરકારી કે ખાનગી બસ પણ ન આવતા લોકો ખુબ મુશ્કેલી માં મુકાયા છે.

## સાધલી ગામે નર્મદા કેનાલ પાસે દેશી દારૂ સાથે એક ઈકો કાર પકડાઈ

**પોલીસે** દારૂ અને ઇકો મળી રૂ.1.42 લાખના મુદ્દામાલ સાથે એકની અટકાયત કરી

(પ્રતિનિધિ) શિનોર, તા.5
શિનોર તાલુકાના સાધલી ગામે ટિમ્બરવા કેનાલ પાસે એક બાતમીના આધારે આજરોજ સાધલી આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી ના આધારે સુભાષભાઈ મગનભાઈ વસાવા પોતાની ઈકો ગાડી નંબર GJ - 6 - jQ-0209 પોર બાજુથી આવતો હતી ઈકો ગાડી આવતા તેમાં ગાડી રોકી તપાસ કરતા દેશી દારૂની 10 દૂધી કિંમત રૂપિયા 200 લેખે 12 હજાર રૂપિયા અને ઈકો ગાડી ની કિંમત 130000 એમ કરી 142000નો મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ છે ડ્રાઈવર નું નામ પૂછતા તેને પોતાનું નામ શંકરભાઈ ભાવસિંગભાઈ રાઠવા રહેવાસી સાધલી ગામના તાલુકો શિનોર જીલ્લો વડોદરા નો હોવાનું જણાવેલ હોય અને તેની બાજુની સીટમાં આગળ બેસેલ ઈસમનું નામ પૂછતા તેને પોતાનું નામ સુભાષભાઈ મગનભાઈ વસાવા રહેવાથી નવીનગરી તાલુકો શિનોર જીલ્લો વડોદરા જણાવેલ છે ગુનો નોધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પાવીજેતપુર પાસે બસ રોકો આંદોલન કરવાનો નિર્ધાર કર્યો હતો

## બસ ભાડા વધારાનો વિરોધ કરનારા રાજેશ રાઠવાને પોલીસ વહેલી સવારે ઉઠાવી ગઇ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.3
પાવી જેતપુરના સિંહોદ બ્રિજ ના ડાઈ વર્ઝન તૂટ્યા પછી છોટા ઉદેપુર થી વડોદરાની તમામ બસો નો રૂટ વાયા કવાંટ, રંગલી ચોકડી, બોડેલી થઈ જાય છે જેમાં વધુ ભાડું વસૂલાતા ખોટો ભાર પ્રજાના માથે પડી રહ્યો છે. અને પડતા ઉપર પાટું ની જેમ એક તો વાયા કવાંટ ફરીને જવામાં કલાક દોઢ કલાક સમય વધુ બગાડવાનો ને સાથે બસ ભાડું પણ વધુ ચૂકવવાનું. આ બેવડો માર પ્રજાજનો સહન કરી રહ્યા છે. બે દિવસ અગાઊ છોટા ઉદેપુર તાલુકા પંચાયત ના



કારોબારી ચેરમેન રાજેશભાઈ રાઠવા એ ડેપો મેનેજર ને લેખિત રજૂઆત કરી હતી પરતું ડેપો મેનેજર એ યોગ્ય અને અનુકૂળ જવાબ ન આપતા તેમણે આજે સવાર થી તમામ એસ ટી બસો રોકવાનો નિર્ધાર કર્યો હતો. તંત્રની બેદરકારી ને કારણે તૂટી પડેલા ડાઈ વર્ઝનના કારણે પ્રજા જનોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે

અને એસ ટી બસો ફરીને જતા વડોદરા સારવાર અર્થે જતા દર્દીઓ, વિધાર્થી ઓ, અપડાઉંન કરતા કર્મચારીઓ સહિત ની પ્રજા સમય ની સાથે સાથે બસ ભાડું વધુ વસૂલાતા આર્થિક નુકશાન પણ સહન કરવું પડે છે.

સરકારે આ બાબતને ગંભીરતા થી લઈ પ્રજાહિત માટે વિચારવું જોઈએ તેમ રાજેશભાઈ રાઠવાએ પોલીસ મથકમાં જણાવ્યુ હતુ.

## શિનોરમાં મેઘરાજાની તોફાની બેટિંગથી નગરના માર્ગો પરથી નદીઓ વહેતી થઇ



**શિનોર** : સમગ્ર રાજ્યભરની મેઘ મહેર વચ્ચે આજે તાલુકા મથક શિનોર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે.જો કે તાલુકા મથક શિનોર ખાતે મેઘરાજાએ તોફાની અંદાજમાં બેટિંગ કરતાં શિનોર નગર ના રોડ - રસ્તાઓ પરથી પાણી વહેતા થયા હતા,જ્યારે મેન બજારના રસ્તાઓ પરથી જાણે કે નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતાં.

## રૂ. 2000નો PM કિસાન યોજનાનો હપ્તો મેળવવા ખેડૂત નોંધણી અને ઉપયોગી જાણકારી

(પ્રતિનિધિ) વડોદરા, તા.5
હાલમાં સરકારની એગ્રીસ્ટેક યોજના હેઠળ ખેડૂતોની નોંધણી નિયત થયેલ પોર્ટલ પર થઈ રહેલ છે. જેમાં ખાસ કરીને પી.એમ. કિસાન લાભાર્થી કે જેઓને વર્ષમાં ત્રણ વખત રૂ. ૨૦૦૦/-ની રકમ ખેડૂતના બેંક એકાઉન્ટમાં સરકારશ્રી દ્વારા સીધા જમા કરવવામાં આવે છે. જેથી જે ખેડૂતોએ રૂ. ૨૦૦૦/-નો ચારમાસિક હપ્તો મળે છે તેવા ખેડૂતો તારીખ ૧૦/૦૭/૨૦૨૫ સુધીમાં ખેડૂત નોંધણી ન કરાવે તો સદર હપ્તો બંધ થઈ શકે તેમ છે. જેથી પી.એમ. કિસાનના નોંધણી બાકી તમામ લાભાર્થીઓને અનુરોધ કરવામાં આવે છે કે તારીખ ૧૦/૦૭/૨૦૨૫ સુધીમાં તમારી ખેતીની જમીન ગ્રામપંચાયતના તલાટી-કમ-મંત્રી, ગ્રામસેવક, વી.સી.ઈનો સંપર્ક કરી નોંધણી કરાવી લેવી. મોબાઈલ વપરાશની જાણકારી ધરાવનાર ખેડૂતો પોતે પણ ખેડૂત નોંધણી કરી શકે છે. વધુમાં પી.એમ. કિસાનનો લાભ નથી મેળવતા તેવા ખેડૂતોએ પણ ખેડૂત નોંધણી કરાવવી ફરજીયાત છે.

ખેડૂતોને સરકારની કલ્યાણકારી યોજનાઓ, હવામાન ખાતાની આગાહી, કુદરતી આફતો સમયે રાખવાની સાવચેતી તેમજ ખેડૂત ઉપ યોગી જાણકારી ખેડૂતિને મોબાઈલ મારફત સીધી મળશે.

## હાલોલ રૂરલ પોલીસ મથકના પ્રોહીબિશન ગુન્હામાં ભાગતો આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) હાલોલ, તા.5
પંચમહાલ જિલ્લા SOG પોલીસને હ્યુમન સોર્સિસ થી બાતમી મળી હતી કે હાલોલ રૂરલ પોલીસ મથકનાં પ્રોહિબિશન ગુનાનો વોન્ટેડ આરોપી મહેન્દ્ર રાઠવા હાલ છોટાઉદેપુર ના ટાંકી ફળિયું ગોકુલધામ સોસાયટીમાં આવેલ તેના ઘરે છે જે બાતમીના આધારે જિલ્લા SOG પોલીસની ની ટીમ ત્યાં પહોંચી હતી અને તે જગ્યાએ છાપો મારી મહેન્દ્ર રાઠવાને ઝડપી પાડ્યો હતો જ્યારે આરોપીને ઝડપી હાલોલ રૂરલ પોલીસ મથકે સોંપવાની તજવીજ હાથ ધરી છે.

## છોટાઉદેપુર થી ડાકોર પગપાળા સંઘ રવાના,પૂનમે ધજા ચઢાવાશે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.3
છોટાઉદેપુર નગરમાંથી દર વર્ષે અષાઢી પૂનમ ના દિવસે ડાકોર ના ઠાકોરને ધજા ચઢાવવાની પરંપરા ચાલતી આવી છે. જેમાં રણછોડરાય ભક્ત મંડળ દ્વારા છેલ્લા 23 વર્ષથી પગપાળા સંઘ છોટાઉદેપુર થી નીકળી ડાકોર જાય છે. જેમાં નગરના ભાવિક ભક્તો ભારે શ્રધ્ધા સાથે જોડાય છે. આજરોજ છોટાઉદેપુર થી ડાકોર જવા પગપાળા સંઘ રવાના થયો હતો જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. જ્યારે સમગ્ર નગરમાં જય રણછોડ માખણચોર ના નારા



સાથે પગપાળા શ્રદ્ધાળુઓ રવાના થયા હતા. આ પગપાળા સંઘ 52 ગજ ની ધજા લઈ ને ભક્તિભાવ થી રવાના થયો હતો. ચાલુ સાલે નાના મોટા યુવાનો વડીલો સાથે મહીલા ઓ પણ મોટી સંખ્યામાં જોડાઈ છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

જમીન વેચવાની છે
ડુંગરી વલસાડ ખાતે બોમ્બે સુરત હાઇવે પાસે 10 વિઘા જમીન વેચાણ માટે.
9975616480 9099272400 પર સંપર્ક કરવો

ભાડે/ વેચાણથી શોરૂમ આપવાનો છે
પહેલો માળ 2500 SQFT કારપેટ ફૂલ ફર્નીશ્ડ પુણા કુંભારીયા રોડ પુણા પાટીયા રોડ ટચ
Mo.9909035222

દુકાન વેચવાની છે
આદર્શ માર્કેટ-1 દુકાન નં.2007 રિંગરોડ સુરત
મો. નં. 9824752211

KRUPA ENTERPRISE
ઘરના દરેક કામ કરી આપવામાં આવશે
100% ગેરંટી સાથે
તાપી થી વાપી સુધી બાંધકામને લગતું કામ કરી આપવામાં આવશે.
• વોટર પ્રુફીંગ • ભેજ ટ્રીટમેન્ટ
• ચાઈના મોઝેક • ટાઈલ્સ
• રૂડા વોટર પ્રુફીંગ • કલર કામ
જયદીપ રાવલ
97145 30031
99139 23462

જમીન ભાડે આપવાની છે
4.11 વીંઘા 12000 વાર Ind.N.A. Opp. રાયન ઈન્ટરનેશનલ સ્કૂલ માસમા ઓલપાડ હાઈવે ટચ
મો. નં. 9824752211

દુકાન વેચવાની છે
શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટ દુકાન નં.615, 6 માળ 2250 Sq.Ft માલિયા બના હૈં
મો. નં. 9824752211

મકાન વેચવાનું છે
શહેરના કોર્મશિયલ વિસ્તારમાં, નવાપુરા ઘાંચી શેરી, ટાવરની સામે, મોકાનું ચાર માળનું કોમર્શિયલ હેતું માટે, મકાન, વેચાણથી
દલાલ મિત્ર આવકાર્ય
9909177700
9375674222

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**ક્ષેત્રપાળ ટૂસે**
(ખાટુંશ્યામ સલાસર, બાલાજી સાથે ઉદયપુર 21-07, 11-08) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક 22-07, 12-08) (કલકત્તા, ગંગાસાગર, જગન્નાથપુરી 11-08, 25-08) (કાઠમંડુ, પોખરા, વારાણસી, અયોધ્યા 04-09, 23-10) (શ્રીશૈલમ, હૈદરાબાદ, રામેશ્વર 19-08) (ભુતાન વિથ ફ્લાઈટ 09-09) 9825105053, 9426893107

**સાંઇયાત્રા સ્લીપર**
વનડે સાપુતારા, દર રવિવારે જમવા સાથે. ઉજ્જૈન, ઓમકારેશ્વર, માંડુ દિવસ-3, ઓગસ્ટ 8. રોયલ રાજસ્થાન દિવસ-4. અંબાજી, આબુ, સમડેઝર્ટ, જેસલમેર, રણુજા, જોધપુર ઓગસ્ટ-15. 9824123641.

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**અંધ પુરુષ / મહિલાઓ**
ફોર્મ મેળવો, દિવ્યાંગ લોકોના ટ્રસ્ટ માટે 40 વર્ષેની ઉપરની ઉંમરવાળા,ફોર્મ મેળવવા દિવ્યાંગ ટ્રસ્ટનો સંપર્ક કરો: 7572961170

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**દુલ્હા કલેક્શન**
સ્ટાર્ટિંગ 2500, ડિઝાઈનર કુર્તા વિથ પાયજામા સ્ટાર્ટિંગ 1000, ડિઝાઈનર શેરવાની સ્ટાર્ટિંગ 2000, જીન્સ રૂા. 1500(બે), શર્ટ રૂા. 1200(બે), ટીશર્ટ રૂા. 1200(બે) વીફેશન, શેરોનપ્લાઝા, 3rd ફ્લોર, પાર્લેપોઈન્ટ, સુરત. 7990357170, 7874043746 (267)

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**ઘરબેઠા LED , TV**
રીપેરીંગ. દરેક વિસ્તારમાં. સાંઈકૃપા ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9426835052

**OCM, Reid**
& Taylorના 3 પીસ ફક્ત 1299/- આલીશાન, હરિપુરા,ભવાનીવડ,સુરત.

મિલ્કત વેચવાની છે

**ફ્લેટ વેચવાનો છે**
3 BHK સીટીલાઈટ સુરત 1600 SQ ft Mo 9327396161

**પેન્ટ હાઉસ વેચવાનો**
છે 3 BHK + ટેરેસ (૧૫૧૧ચો. ફુટ + ૧૫૧૧ ચો. ફુટ) ચોથો માળ પાર્થ કોમ્પ્લેક્ષ, અલથાણ, સુરત Mo. 9898024645

**જમીન વેચવાની છે**
વરેલી, કડોદરા (કેમિકલ ઝોન) આશરે 2700 વાર ખુલ્લી જગ્યા, તીરૂપતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, એશ્વર્યા મિલની ગલીમાં. મો. 8469611960 (285)

**વેચવાનું છે**
16 x 70 ભોયરું ગ્રાઉન્ડ ફ્લોર તથા પહેલો માળ, ૩/૩૯૭૩, નવાપુરા, નાગરદાસની શેરી, સુરતમાં સંપર્ક: 9825299682 (284)

**જમીન વેચવાની છે**
ગામ- વેલુક, તા- ઓલપાડ મો:- ૯૯૭૮૮૩૯૦૧૧ (279)

**વેચવાનું મોકાનું કોર્નર**
નવું રોહાઉસ 143 વાર ફુલ ફર્નીચર સોલાર આનંદમહેલ. 8487090274 (288)

**મકાન વેચવાનું છે**
ગ્રાઉન્ડ પ્લસ અઢી માળ દરેક ફ્લોર 11 ફૂટ હાઈટ ગોપીપુરા મેઈનરોડ હનુમાન ચારરસ્તા પાસે 7779046655

**રોહાઉસ વેચવાનુ છે**
4- BHK, 100 વાર, ગંગેશ્વર મહાદેવ પાસે, અડાજણ, 9898016728

**રો હાઉસ વેચવાના છે**
તિરૂપતી બાલાજી સોસાયટી બં. નં. 3 અને નંબર- ૪ ૧૮૫ વાર + ૧૮૫ વાર કુલ - ૩૭૦ વાર ગ્રાઉન્ડ ફ્લોર પાર્કીંગ, પહેલો માળ અને બીજો માળ ભુમિ કોમ્પ્લેક્ષ સામે અયોધ્યા નગરી રોડ અડાજણ- સુરત દલાલોએ તસ્દી લેવી મો નં. ૯૯૦૯૨૪૧૩૫૩ (293)

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

નોકરી વિષયક

**જોઈએ છે**
હેવી લાઈસન્સ ધરાવનાર ટ્રક ડ્રાઈવર જી.આઈ.ડી.સી પાંડેસરા. મો. 9825107787

**જોઈએ છે**
જનરલ હેલ્પર 40 થી 50, વેલ્ડર 08-10, સ્પ્રે પેન્ટર 02, સ્ટ્રીટ નિઓન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, 17 A, પાર્શ્વા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક રોડ દેવધામ, ઉમરગામ, ગુજરાત. સંપર્ક. 9898025195

**અનુભવી લેડીઝ**
બ્યૂટીશયન, લેડીઝ સલોન માટે ભાગળ ભવાનીવડમાં જોઈએ છે મળો 8690027337 (278)

**સ્કુલ બસ માટે**
અનુભવી ડ્રાઈવરની તાત્કાલિક ધોરણે જરૂર છે. મોબાઈલ નંબર:- 9537439943 (286)

**Clinic/ Salon માટે**
સ્કિન કોસ્મેટોલોજી- એસ્થેટિક મશીન ભાડે/ વેચાણ હેતું 9978366350 (287)

**જોઈએ છે**
કાપડ ચેકિંગ ,મેન્ડિગ અને ફોલ્ડર કરી શકે એવા માણસની જરૂર છે ઓલ વર્લ્ડ ટ્રેડ પ્રા. લી સી-1, સી-2 સુરત ટેક્સ્ટાઈલ બુર્સ ઉધના. 9737915349 (291)

**ટાઈપીસ્ટ જોઈએ છે**
ગુજરાતી ટાઈપીંગ LMG, TERRA Fontના જાણકાર. કાર્યસ્થળ- અડાજણ, સુરત. Mo- 9909439795, 9909439298 (289)

**માર્કેટિંગ એક્ઝિક્યુટિવ**
1, ટેલિ- કોલર 1, Rudra Sanitary Ware. MO +91 9979848437/ +91 9979848438

**જોઈએ છે**
ગેસ્ટહાઉસમાં રહીને સાફસફાઈ માટે માણસ રહેવા જમવાની સગવડ સાથે 9714044355

**Require Accountant**
Having knowledge of computer and Tally software. For Surat Ring Road office. Contact 8866316647

**મહિધરપુરા દુકાન**
માટે પરચુરણ કામ કરી શકે તેવા માણસ જોઈએ છે સવારે 9:00થી 8:00, લેડીઝ/ જેન્ટ્સ, (પગાર 10,000થી 20,000) 6354346344

ઘરવખરી વેચવાની છે

**લોખંડ પ્લાસ્ટિકનો**
ભંગાર વેચાણથી આપવામા આવશે Mo. 9376701220

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*